

# ખરેખરનું સંકટ

જે. કૃષ્ણમૂર્તિ

# ખરેખરનું સંકટ

ઈતિહાસ એ માણસે કરેલ વિનાશની કથા લાગે છે, જે સમયે સમયે, વારંવાર અને અચૂક થાય જ છે, હમેંશા જગતને આઘાત અને આશ્ચર્ય વડે હચમચાવતી, નિષ્ણાતો અને પંડિતોની ભવિષ્યવાણી ખોટી પાડતી, બૌદ્ધિકોની ગણતરીઓને નકામી કરી નાખતી, તર્ક અને વિચારશક્તિને પડકારતી અને માનવજાતને મૂઝવી દેતી અને લાચાર કરી દેતી આ કથા છે. એક સંકટ અને બીજા સંકટની વચ્ચેના સમયગાળાને આપણે સામાન્ય જીવન તરીકે જાણીએ છીએ. આ કહેવાતા સામાન્ય જીવનમાં, માનવ અસ્તિત્વનાં અને આપણાં પોતાના જીવનનાં ઉદ્દેશ્ય વિશેની ગંભીર શોધ-તપાસ અને ચિંતન સિવાય દરેકે દરેક વસ્તુને આપણે આપણાં સમય અને શક્તિ આપીએ છીએ. આપણે એ પ્રશ્ન કદી નથી કરતાં કે શું અત્યારની આપણી જીવન પદ્ધતિ એ જ આગામી સંકટનું કારણ બને છે. આ પ્રશ્ન આપણને ક્યારેય થતો નથી, અને જો થાય તો પણ આપણે એ પ્રશ્નનો સામનો કરવાની હિંમત દાખવતા નથી.

આ જ એ પડકાર છે જે કૃષ્ણમૂર્તિ આપણને આપે છે – કેટલાંય મૂળભૂત પ્રશ્નો તરફ આપણને જાગૃત કરે છે, તેમના લગભગ પાંચ દાયકા – ૧૯૩૪ થી ૧૯૮૫ને આવરતા ભાષણો અને લિખિત સાહિત્યમાંથી તેમણે કરેલ આવા કેટલાક પ્રશ્નોને અહીં ઉતારવામાં આવ્યા છે.

© 2020, Krishnamurti Foundation India

*Madras,*
*22 October 1947;*
*The Collected Works, Vol. IV.*

વર્તમાનકાળનું વૈશ્વિક સંકટ એ અસાધારણ કક્ષાનું છે; ભૂતકાળમાં કદાચ બહુ ઓછી આપત્તિઓ આના જેવી આવી છે. જીવનમાં ઘણીવાર આવતી આફતો જેવું સામાન્ય આ વર્તમાન સંકટ નથી. આખા વિશ્વમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ છે; ન તો આ ભારતમાં પડેલી આફત છે કે ન યુરોપમાં પડેલી, આખાય વિશ્વના ખૂણે ખૂણે તે ફેલાઈ ગઈ છે. શારીરિક અને માનસિક રીતે, નૈતિક અને આધ્યાત્મિક રીતે, આર્થિક અને સામાજિક રીતે એક વિભાજન અને ગૂંચવણ પેદા થઈ ગઈ છે. આપણે એક ભેખડની ધાર પર ઊભા છીએ અને તે છતાંય મામૂલી બાબતો ઉપર કચવાટ કરી રહ્યા છીએ. બહુ ઓછા લોકોને આ વૈશ્વિક સંકટના ઊંડાં અને મોટા પ્રમાણમાં વ્યગ્ર કરે તેવા અસાધારણ સ્વરૂપનું સ્પષ્ટપણે ભાન થઈ રહ્યું છે. કેટલાંક લોકોને ગૂંચવણનું ભાન થઈ રહ્યું છે, અને તેઓ ભેખડની ધાર ઉપર અણીને ટાંકણે જીવનના ઢાંચામાં પરિવર્તન લાવવામાં કાર્યરત છે, અને પોતે જ મૂંઝવણમાં હોવાથી વધારે ગૂંચવણ ઊભી કરી રહ્યા છે.

*Madras,
22 October 1947;
The Collected
Works, Vol. IV.*


આ આપત્તિ રૂપી વિનાશ એ કોઈ આકસ્મિક ક્રિયામાંથી નથી આવ્યું; એ આપણાં દરેક દ્વારા રચવામાં આવ્યું છે, આપણા દરેકની રોજિંદી પ્રવૃત્તિઓમાં આવતી ઈર્ષ્યા અને લાલસા, લોભ અને સત્તા તેમ જ વર્ચસ્વની ઝંખના, સ્પર્ધા અને નિર્દયતા, ઈન્દ્રિય જન્ય અને તાત્કાલિક મૂલ્યો દ્વારા ઘડવામાં આવ્યું છે. આપણે જ, બીજું કોઈ નહીં પણ તમે અને હું, આ આઘાતજનક પરિસ્થિતિ અને ગૂંચવણ માટે જવાબદાર છીએ. તમે બેદરકાર, અજાણ અને પોતાની મહત્ત્વકાંક્ષા, ઈન્દ્રિય ભોગો અને લાલસાઓમાં ગૂંથાયેલા હોવાથી, તાત્કાલિક આનંદ આપતાં મૂલ્યોમાં ગૂંથાયેલા હોવાથી, તમે જ આ પ્રચંડ, વિધ્વંસ કરતી આપત્તિના જનક છો... તમે જ જવાબદાર છો આ અંધાધૂંધી માટે, કોઈ અમુક જૂથ નહીં, કોઈ અમુક વ્યક્તિ નહીં, પણ તમે જ જવાબદાર છો.

*New Delhi,
14 November 1948;
The Collected
Works, Vol. V.*

તો, આધુનિક વિશ્વ એ ખરેખર શું છે? આધુનિક વિશ્વમાં સામુહિક વ્યવસ્થા, તકનિકો અને કાર્યક્ષમતાની આસપાસ રચાયેલું છે. તકનિકી જ્ઞાનનો અસાધારણ વિકાસ થયો છે અને સામુહિક જરૂરિયાતોની ખોટા પ્રકારની વહેંચણી થઈ છે, જેમાં ઉત્પાદનના સાધનો મર્યાદિત લોકોના હાથમાં છે. સંઘર્ષમય રાષ્ટ્રિયતા છે, સાર્વભૌમિક સરકારો હોવાથી હંમેશા લડાઈઓ ચાલુ જ રહે છે. આ જ આધુનિક વિશ્વ છે, ખરું ને? તકનિકિ વિકાસની સાથે, તેટલો જ મહત્ત્વનો માનસિક વિકાસ સધાતો નથી, અને તેથી જ અસ્થિરતાની સ્થિતિ છે; અસાધારણ વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ છે, પણ એ સાથે જ માનવીય વેદનાઓ, ખાલી હૃદય અને ખાલી માનસ છે..... તો આ છે આધુનિક વિશ્વ, જે તમે છો. વિશ્વ તમારાથી અલગ નથી. તમારું વિશ્વ, એટલે કે તમે, કેળવાયેલી બુદ્ધિ અને પોકળ હૃદયનું બનેલું વિશ્વ છે.

*Madras,*
*25 December 1982;*
*Mind Without Measure.*

જગતમાં પરમાણુયુદ્ધ, ભયંકર ભાગલા, ચાલી રહેલી પાશવતા, એ કટોકટી નથી; પરંતુ જે કટોકટી છે તે આપણી ચેતનામાં છે, આપણે જે છીએ તેમાં છે, આપણે જે બન્યા છીએ તેમાં છે.



# સંકટ માનવ જાતની ચેતનામાં હોય છે

જ્યારે માનવીએ પોતાને જીવનની પવિત્રતાથી કાપી નાખ્યો છે

*Bombay,*
*28 January 1968;*
*Meeting Life.*

શા માટે માનવી, કે જે હજારો હજારો વર્ષથી જીવી રહેલો છે, તે આજે આટલી વેદના અને સંઘર્ષની સ્થિતિએ પહોંચ્યો છે?... અગર જો તમે ઘણી વધારે વસ્તી, તકનિકી જ્ઞાન અને મૃત સંવાદો અને તેની સાથે જોડાયેલી નૈતિકતાની ઊણપના ખુલાસાને બાજુ ઉપર મૂકી દો, તો, આ વેદનાનું મૂળભૂત કારણ, મૂળભૂત નિમિત્ત શું છે? શા માટે આ દેશમાં કે જેની પાસે સદ્ભાવ, કરુણા, હિંસા ન કરવાની, પાશવી ન બનવાની એક લાંબી પરંપરા છે, ત્યાં આવું બને છે? શા માટે આવું છે અને ક્યારથી, કાંઈક સાવ ખોટું થઈ ગયું છે?

*Madras,
26 October 1947;
The Collected
Works, Vol. IV.*

પ્રાચીન દિવસોમાં લોકોનું એવું જૂથ હતું કે જે મહત્ત્વકાંક્ષા અને સત્તાધિકારથી, લોભ અને દ્વેષના બંધનથી મુક્ત હતું, કે જે સમાજને આધ્યાત્મિક અને નૈતિક પતનથી બચવા માટે માર્ગદર્શન આપતું હતું. જેટલું વિશાળ આ જૂથ રહેતું, એટલી જ વધારે સમાજ, રાજની સલામતી રહેતી, અને, આ જ કારણે ભારત જેવા ફક્ત એક કે બે દેશો જ ટક્યા છે. બહુ ઓછા એવા લોકો છે કે જે વિશ્વની દોડધામમાં પકડાયા નથી, એટલે તમે એક અસાધારણ સંકટમાં છો.

*Bombay,
28 January 1978.*

વ્યાધિની વ્યથા છે, માનવને સાવ એકલું લાગે છે તેની વ્યથા છે. જ્યારે તમે ગરીબ, અજ્ઞાની, ગંદા, નિરાશ લોકોને જુઓ ત્યારે દરિદ્રતાની વ્યથા હોય છે. જ્યારે તમે જગતના બધા પ્રાણીઓની હત્યા કરાતાં, નાશ કરાતાં, પ્રયોગશાળામાં સંહાર પામતાં જુઓ છો ત્યાં વ્યથા છે.

*25 February 1983;*
*Krishnamurti to Himself.*

પ્રકૃતિ જોડે આપણો નાતો આટલો ઓછો છે એ ખુબ વિચિત્ર છે કે. જગતની જીવસૃષ્ટિ માટે આપણાં મનમાં ક્યારેય લાગણી નથી એવું લાગે છે. જો આપણે પ્રકૃતિ સાથે એક ઊંડો, કાયમી નાતો સ્થાપી શકીએ, તો આપણે આપણી ભૂખ માટે ક્યારેય પ્રાણીઓને હણીશું નહીં; આપણે કદીય વાંદરાને, કૂતરાને કે ગિનિપિગને આપણા પોતાના ફાયદા માટે જીવતાં કાપીશું નહીં, નુકશાન પહોંચાડીશું નહીં. આપણે આપણા ઘાવને રૂઝાવવા માટે, શરીરને સાજુંસમું કરવાનાં અન્ય ઉપાયો શોધીશું. પણ, મનને રુઝાવવાની વાત સાવ જ અલગ છે. જો તમે પ્રકૃતિના સાનિંધ્યમાં હો તો એ રુઝાવ ધીરેધીરે આવે છે.

*The Whole Movement of Life is Learning: Letters to the Schools,* Ch. 67.

જ્યારે પ્રકૃતિ સાથે આપણે સંબંધ તોડી નાખીએ છીએ, ત્યારે એકબીજા સાથે પણ આપણો સંબંધ તૂટી જાય છે. જ્યારે તમે પંખીઓ જોડે, શરમાળ અને બીકણ બટેર જોડે સંબંધ તોડી નાખો છો, તો, તમારા બાળક સાથે અને રસ્તા પર ચાલતા માણસ જોડેનો તમારો સંબંધ પણ તૂટી જાય છે. જ્યારે તમે ખાવા માટે એક પ્રાણીને મારી નાખો છો, ત્યારે તમે એવી અસંવેદનશીલતાને પણ કેળવો છો કે જે સીમા મારના માણસને મારી નાખશે. જ્યારે તમે જીવનની પ્રચંડ ગતિવિધિ સાથે તમારો સંબંધ તોડી નાખો છો તો બધા જ સંબંધો તૂટી જાય છે. પછી, તમે – ધૂની ઉમળકાઓ, માંગણીઓ અને ઈચ્છાઓ સાથેનું તમારું અહમ – જ ફક્ત મહત્ત્વનું બની જાય છે, અને તમારી અને જગતની વચ્ચેની ખાઈ અનન્ત સંઘર્ષોમાં વધતી જ જાય છે.

*The Whole Movement of Life is Learning: Letters to the Schools,* Ch. 70.

જ્યારે તમે તમારી આસપાસ જુઓ છો, માનવ જગતથી વધારે પ્રકૃતિમાં, અવકાશમાં, તો તમને એક અનુપમ વ્યવસ્થા, સમતુલા અને સંવાદિતા દેખાશે. દરેક વૃક્ષ અને ફૂલને એની પોતાની વ્યવસ્થા હોય છે, પોતાની સુંદરતા હોય છે; ડુંગરની દરેક ટોચ અને દરેક ખીણને પોતાનો લય અને સ્થિરતા હોય છે. જો કે માણસ નદીઓને અંકુશમાં કરવાનો પ્રયત્ન કરી અને તેનાં પાણીને દૂષિત કરે છે, પણ એ નદીઓનું પોતાનું વહેણ હોય છે, તેમની પોતાની દૂરગામી ગતિવિધિઓ હોય છે. એક માણસ સિવાય, સમુદ્રમાં, હવામાં અને અસીમ અવકાશમાં, એક અનુપમ પવિત્રતા અને વ્યવસ્થિત અસ્તિત્વનું ભાન છે. જો કે શિયાળ મરઘાને મારે છે અને મોટાં પ્રાણીઓ નાનાં પ્રાણીઓ પર જીવે છે, જેને આપણે ક્રૂરતા કહીએ છીએ તે ખરેખર તો છે માણસ સિવાયની આ સૃષ્ટિની વ્યવસ્થાની રચના. જો માણસ વચ્ચે નથી પડતો, તો સમતુલા અને સુસંવાદિતાની સુંદરતા જ છે.



# ખરેખરનું સંકટ

આ આખાય અસ્તિતવનો અર્થ શો છે? તમે એ તરફ નજર નાખવા નહીં ઈચ્છતા હો, તમે એને ટાળવા માંગતાં હો... તમે ભૌતિકશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, જીવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, મનોવિશ્લેષણ, મનોરોગશાસ્ત્ર વગેરેનું જ્ઞાન મેળવવા માટે લગભગ ૨૦ કે ૩૦ વર્ષો આપો છો. તમે વર્ષોના વર્ષો એને આપો છો, અને તમે શું છો અને તમે આ રીતે કેમ જીવો છો તે શોધવા માટે એક દિવસ અરે એક કલાક પણ નથી આપતા!

*IIT-Bombay,*
*7 February 1984;*
*Why are You being Educated?*

*Bombay,*
*10 February 1985;*
*That Benediction*
*is Where You are.*

શું, આપણે આપણું જીવન વ્યર્થ વિતાવી રહ્યા છીએ? 'વ્યર્થ વિતાવવું' એ શબ્દનો અર્થ આપણે એ રીતે લઈએ છીએ કે આપણી ઉર્જાનો વિવિધ રીતે આપણે અપવ્યય કરીએ છીએ. વિશેષ પ્રકારના વ્યવસાયોમાં આપણે તેને વેડફીએ છીએ. આપણે આપણું સંપૂર્ણ અસ્તિત્વ, જીવન વ્યર્થ વિતાવી રહ્યા છીએ? જો તમે ધનવાન હશો તો કહેશો 'હું ખુબ પૈસા કમાયો છું અને એ કરવામાં મને ઘણો આનંદ મળ્યો છે.' અથવા તમારી પાસે એકાદ વિશિષ્ટ પ્રતિભા હોય, અને તે પ્રતિભા ધર્મશીલ જીવન માટે જોખમરૂપ બને છે. વિશિષ્ટ પ્રતિભા, એ એક 'બક્ષિસ' છે. એક પ્રકારની ક્ષમતા. કોઈ વિશિષ્ટ દિશામાં રહેલી ક્ષમતા. જે એક વિશેષ જ્ઞાન છે . વિશેષજ્ઞ બનવું એ એક વિખંડિત કરતી પ્રક્રિયા છે. તે તમારે સ્વયંને પ્રશ્ન કરવો જોઈએ, શું તમે તમારું જીવન વ્યર્થ વ્યતીત કરી રહ્યા છો? તમે કદાચ ધનવાન હશો, તમને કદાચ બધી ઈન્દ્રિયો મળી હશે, તમે કદાચ તજજ્ઞ, વૈજ્ઞાનિક કે વ્યાપારી હશો, પણ જીવનને અંતે, શું એ બધું સાવ વ્યર્થ થયું છે?

*Saanen,
22July, 1973*

તમારી સભ્યતા કહે છે: "જીવનનો અર્થ શું છે તેની કડાકૂટ શા માટે કરવી; ફક્ત જીવો, કદરૂપતા, ધૃણાસ્પદ અસ્તિત્વ, દુ:ખ, દર્દ, ઉચાટ, સુખ, ભય, નકરો કંટાળો, એકલતા આ બધું જે જીવનનો એક ભાગ છે તેને વેઠો. તમે એની પાર ન જઈ શકો, સુખને જ તમારા જીવનનું મુખ્ય લક્ષ્ય બનાવો."

અને આ જ તમે કરી રહ્યા છો,

# ખરેખરનું સંકટ

*The Whole Movement of Life is Learning: Letters to Schools, Ch 28.*

સમગ્ર વિશ્વમાં માનવજાતિ ઓછેવત્તે અંશે અધોગતિના પંથે જઈ રહી છે. જ્યારે કામોપભોગ, પોતાની ઈચ્છા બીજા પર લાદવાની વૃત્તિનો ઉપભોગ, ઉત્તેજનાનો ઉપભોગ, સત્તાનો અને પદનો ઉપભોગ, આવો કોઈ પણ ઉપભોગ વ્યક્તિગત રીતે કે સામુદાયિક રીતે જીવનનો મુખ્ય રસ થઇ પડે છે, ઉપભોગની તૃપ્તિની જ સતત માંગ રહ્યા કરે છે એ જ અધોગતિ છે. જયારે માનવસંબંધો ઉપરછલ્લા હોય, ઉપભોગના હેતુ પૂરતાં જ રહે તો તે અધોગતિ છે. જવાબદારીએ જયારે અર્થ જ ગુમાવી દીધો છે, અન્યની કાળજી, ધરતીની કાળજી, કે સમુદ્રની અંદરની કોઈપણ વસ્તુ માટે જ્યારે જરાય કાળજી નથી રહેતી, આ આકાશ અને ધરતી પ્રત્યેની બેકાળજી પણ અધોગતિનું જ રૂપ છે. જ્યારે ઉચ્ચ સ્થાનોમાં પણ દંભ પેસે છે, વ્યાપારમાં અપ્રામાણિકતા પેસે છે, રોજબરોજની વાતચીતમાં અસત્ય પ્રવેશે છે, જયારે થોડાંક લોકોનો અત્યાચાર વધી પડે છે, જ્યાં વસ્તુઓ જ મહત્વની બની જાય છે, ત્યાં જીવ સમગ્ર સાથે વિશ્વાસઘાત થાય છે. પછી હિંસા એ જ જીવનની ભાષા બની જાય છે. જયારે પ્રેમ પણ ઉપભોગમાં ગણવામાં આવે છે ત્યારે માણસે જીવનના સૌંદર્ય અને પવિત્રતા સાથેનો પોતાનો સંબંધ કાપી નાખ્યો હોય છે.

જેમ જેમ ઉપભોગવૃતિ વધારે તેમ તેમ અહં-મમતાનું બળ વધારે હોય છે. જયારે માણસો ઉપભોગ પાછળ દોડતા હોય છે ત્યારે તેઓ એકબીજાનું શોષણ કરતાં હોય છે. જયારે ઉપભોગ પ્રધાન બને છે ત્યારે સંબંધોનું પણ આ હેતુ માટે જ શોષણ થતું હોય છે. એથી પરસ્પરનો સંબંધ પણ સાચો સંબંધ રહેતો નથી ત્યારે સંબંધ પણ વ્યાપાર બની જાય છે. તૃપ્તિ માટેની ઝંખના પણ ઉપભોગ આધારિત હોય છે. અને જો ઉપભોગની મનાઈ કરવામાં આવે અથવા એની અભિવ્યક્તિ માટેની અનુકૂળતા ન મળે તો ક્રોધ, નિરાશા, ધિક્કાર અને કટુતા જન્મે છે. ઉપભોગની આ નિરંતર ઝંખના એ ખરેખર તો ગાંડપણ છે.

*Bombay,*
*15 February 1948;*
*The Collected Works, Vol. IV.*

માણસ શા માટે ઈન્દ્રિયોના સુખોમાં પડ્યો છે?.. આ એક સળગતો પ્રશ્ન બની ગયો છે કારણકે આધુનિક વિશ્વમાં દરેક સંભવિત સાધન દ્વારા એ ઉત્તેજિત થઈ રહ્યો છે. સમાચાર પત્રો, ચિત્રપટો અને સામયિકો શૃંગારરસને ઉત્તેજના આપે છે, જાહેરાતો તમારાં ધ્યાનને ખેંચવા સ્ત્રીઓના ચિત્રોનો ઉપયોગ કરે છે, બાહ્ય અને આંતરિક ઉદ્દીપનને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યું છે, અવિરતપણે કેળવવામાં આવી રહી છે. વર્તમાન સમાજ એ ચોક્કસપણે ઈન્દ્રિયસુખને મહત્ત્વ આપવાનું પરિણામ છે. વસ્તુઓ, સત્તા, દરજ્જો, નામ અને વર્ગ એ ખુબ મહત્ત્વનાં બની ગયાં છે. ઈન્દ્રિયોને લગતાં સુખોનું મૂલ્ય મુખ્ય મહત્ત્વનું બની ગયું છે તમારાં જીવનમાં... તમારું જીવન અંદરથી પોકળ, ખાલી થઈ ગયું છે, પૈસા કમાવવાની, પાનાં રમવાની, ચિત્રપટ જોવાંની ઘટમાળ બની ગયું છે.

*Varanasi,*
*22 January 1954;*
*Leaving School,*
*Entering Life.*

અમીરો પોતાને ભૂલાવવા માંગે છે નાઈટ-ક્લબોમાં, મનોરંજનમાં, ગાડીઓમાં, પ્રવાસમાં ગૂંથાઈને. હોશિંયાર લોકો પોતાને ભૂલાવવા માંગે છે તેથી તેઓ ચમત્કારિક માન્યતાઓની શોધ શરૂ કરી દે છે. મૂર્ખલોકો પોતાને ભૂલાવવા માંગે છે, અને તેથી તેઓ અન્ય લોકોને અનુસરે છે, તેઓનાં ગુરુઓ હોય છે કે જેઓ કહે છે કે શું કરવું. મહત્ત્વકાંક્ષી લોકો સતત કાંઈક કરવામાં વ્યસ્ત રહીને પોતાને ભૂલાવવા માંગે છે. એટલે આપણાંમાંનાં દરેક, જેમ જેમ પરિપકવ થતાં જઈએ છીએ, વયમાં વધતાં જઈએ છીએ તેમ તેમ, પોતાની જાતને ભૂલાવવા માંગીએ છીએ.

*Commentaries on Living, Ch:3*

અશાંત મનને ભાતભાતની અભિવ્યક્તિ અને કૃતીઓ જોઈએ છે, કશાકમાં હમેંશ રોકાયેલું રહેવા માંગે છે. એને નિરંતર વધતાં જતાં ઈન્દ્રિય સુખો, બદલતાં રહેતાં શોખ જેવી બાબતો જોઈએ છે. ગપસપ કૂથલીમાં આ સઘળાં તત્વો રહેલાં છે. બીજા લોકોની બાબતમાં સવિશેષ રસ એ જ મોટાં ભાગનાં લોકોનું મનગમતું કાર્ય હોય છે. અનેક સામયિકો અને સમાચાર પત્રોમાં આવતી ગપસપની કટારો, મનુષ્યવધ, છૂટાંછેડાં વગેરેનાં વૃત્તાન્તો વાંચવા એ આ જ રસ દર્શાવે છે. આ રીતે આપણે વધુ અને વધુ બહિર્મુખ અને અંદરથી ખાલી થતા જઈએ છીએ. જેમ જેમ આપણે વધારે બહિર્મુખ થઈએ છીએ તેમ તેમ ઈન્દ્રિયસુખોની ઝંખના અને વિક્ષેપવધે છે. વર્તમાનનું જીવન આ ઉપરછલ્લી પ્રવૃત્તિને અને વિક્ષેપોને પ્રોત્સાહન આપે છે.

# ખરેખરનું સંકટ

*Krishnamurti to Himself,*
*18 March, 1983*

ભવિષ્ય માટે આપણે બહુ ધ્યાન નથી આપી રહ્યાં એવું લાગે છે. ટી.વી. ઉપર સવારથી મોડી સાંજ સુધી અંત રહિત મનોરંજનના કાર્યક્રમો જોતાં રહો છો. બાળકો આનંદિત થાય છે. જાહેરખબરો એ લાગણીને ટેકો આપે છે કે તમને આનંદ આપવામાં આવી રહ્યું છે. અને આ આખા વિશ્વમાં થઈ રહ્યું છે. આ બાળકોનું ભવિષ્ય શું હશે? એક મનોરંજન છે ખેલકૂદનું – જેમાં ૩૦ હજાર કે ૪૦ હજાર જેટલાં લોકો અમૂક થોડાંક લોકોને મેદાનમાં જોઈને ઘોઘરા સાદે બૂમાબૂમ કરે છે. ... વિશ્વના વિવિધ ભાગોમાં થઈ રહેલ આ બધું જોઈને, મનોરંજન, આનંદ, ખેલકૂદ વગેરે વસ્તુઓએ મનને જે રીતે કબ્જે કર્યું છે તે જોઈને, જો કોઈ ખરેખર ચિંતિત હોય તો તેણે જરૂરથી પૂછવું જોઈએ કે ભવિષ્ય કેવું છે. આવું જ હજી વધારે, કોઈ અલગ રૂપમાં? વિવિધ પ્રકારનાં જલસાઓ?...

જે રીતે અત્યારે ક્રમિકપણે ચાલી રહ્યું છે, અને એક વખત એવો આવશે કે મનોરંજન ઉદ્યોગ આપણને પૂરેપૂરો તાબામાં લઈ લેશે, જ્યાં યુવાન લોકો, વિદ્યાર્થીઓ, બાળકોને વારંવાર જલસાની મનોવૃત્તિ તરફ, તરંગો તરફ, રોમાંચકતા તરફ ધકેલવામાં આવી રહ્યાં છે, સયંમ અને સાદાઈ જેવા શબ્દો ઉપર ક્યારેય વિચાર નથી કરાતો અને તેમને દૂર ધકેલવામાં આવી રહ્યાં છે... તમે તો કદાચ સાદાઈના પરિણામો શું છે એ તરફ પણ નહીં જુઓ. જ્યારે તમે બાળપણથી પોતાને જલસામાં રાખવાનું અને મનોરંજનના માધ્યમ દ્વારા પોતાની જાતથી છટકી જવાનું શીખ્યા છો - અને મોટા ભાગના મનોવિજ્ઞાનીઓ એમ કહેતાં હોય કે તમે જે અનુભવો તે બધું અભિવ્યક્ત કરી દેવું જોઈએ, અને કોઈપણ સ્વરૂપમાં આપણી લાગણીઓને અટકાવી રાખવી કે દબાવવી એ વિઘાતક છે, અને તે વિવિધ પ્રકારની માનસિક સમસ્યાઓ તરફ લઈ જાય છે – તો સાહજિક છે કે તમે ખેલકૂદના વિશ્વ, મનોરંજન, જલસામાં પડશો, અને તમે જે છો એનાથી દૂર ભાગવામાં આ બધું તમને મદદ કરશે.



# ખરેખરનું સંકટ

*Saanen,*
*21 July 1981;*
*The Network of Thought.*

યંત્રમાનવ(Robot)ના વિકાસની સાથે, માણસની પાસે કદાચ દરરોજના માત્ર બે કલાકનું કામ રહેશે. આવું નજીકનાં ભવિષ્યમાં પ્રત્યક્ષ બનીને રહેવાનું છે. પછીથી માણસ શું કરશે. શું મનોરંજનના ક્ષેત્ર પૂરતો માનવી સિમીત થઈ જશે? અથવા શું તે પોતાની અંદર વળવાનો છે કે જે મનોરંજન નથી; એના માટે તો નિરીક્ષણ, પરીક્ષણ અને વસ્તુનિષ્ઠ દર્શન માટેની માનસિક શક્તિ હોવી જોઈએ. આ બે સંભાવનાઓ છે.

*The World Within, Ch:75.*

તમે તમારી ક્ષમતા અને પ્રતિભામાં ઘેરાયેલા છો, પણ આ ખતરનાક મિત્રો છે. તેઓ કે જે એક સાધન છે, તે જ સાધ્યરુપ બની જાય છે અને વેદના અને સંતાપ તરફ દોરી જાય છે. તમારો ખોરાક, તમારાં કપડાં, તમારા શરીરની અંગભંગિ અને તમારા સુખ તમને હતોત્સાહ અને નીરસ બનાવે છે; તમારા મનને અસંવેદનશીલ બનાવે છે અને સમજશક્તિને કૃશ કરી દે છે... જો તમે તમારા બાહ્યમનની અનેક પ્રવૃત્તિઓ વિશે જાગરૂક થશો, એના બડબડાટ, નૃત્ય, કારણો, નિષ્કર્ષોનું નિરક્ષણ કરશો, તો આ જાગરૂકતામાંથી શાંતિ અને સ્પષ્ટતા આવશે.

*Poona,*
*19 September 1948;*
*The Collected Works, Vol. V.*

તેથી, સૌથી મહત્ત્વનું છે પોતાની જાત વિશેનું આત્મજ્ઞાન. પોતાને સમજ્યા વગર જગતમાં વ્યવસ્થિતતા લાવવી શક્ય નથી; સ્વનાં વિચારો, લાગણી અને પ્રવૃત્તિને તપાસ્યા વગર જગતમાં શાંતિ, વ્યવસ્થા અને સલામતી સ્થાપવી એ સાવ અશક્ય જ છે. એટલે જ સ્વ-તપાસ એ પ્રાથમિક મહત્ત્વની છે, અને એ કોઈ પલાયન નથી. પોતાની જાતની આ તપાસ એ કેવળ નિષ્ક્રિયતા નથી. એનાથી સાવ ઊલટું, જાતની તપાસ માટે તો પોતે કરતાં હોઈએ તે દરેક પ્રવૃત્તિમાં અસાધારણ જાગરૂકતા હોવી જોઈએ, એવી જાગરૂકતા કે જેમાં કોઈ અભિપ્રાય, નિંદા કે દોષારોપણ ન હોય. જીવન જીવતાં જીવતાં સમગ્ર જીવન પ્રક્રિયાની પળેપળની જાગરૂકતા એ સંકોચિતપણું નથી, એ તો છે સતત-ફેલાતાં જવું, સતત સ્પષ્ટ થવું; અને આ જાગરૂકતામાંથી જ પહેલાં આંતરિક - પોતાનામાં અને પછી બાહ્ય - પોતાનાં સંબંધોમાં સુવ્યવસ્થા આવે છે.

*Montevideo, 26 June 1935; The Collected Works, Vol. II.*

જો તમે પીડામાંથી પસાર નથી થઈ રહ્યા, જો તમે સંઘર્ષનો અનુભવ નથી કરી રહ્યાં, જો તનમે કોઈ મુશ્કેલી નથી, કોઈ સંકટ નથી તમારા જીવનમાં, તો પછી વધારે કાંઈ કહેવાપણું નથી રહેતું. એટલે કે, જો તમે નિદ્રામાં છો, તો જીવનની પ્રવૃત્તિઓએ સૌ પ્રથમ તમને જગાડવા પડશે. પણ જ્યારે તમે પીડા વગેરે સહન કરતાં હો છો ત્યારે સામાન્યપણે શું થાય છે? તમે પીડામાં રાહત આપનારા ઉપાય શોધવા લાગી જાઓ છો. એટલે, સગવડોની તમારી શોધમાં ક્રમે ક્રમે, તમે તમારાં પોતાનાં પ્રયત્નો દ્વારા પોતાને જ નિદ્રાધીન કરતાં જાઓ છો. .. જ્યારે મન કોઈ ઝાટકા દ્વારા જાગૃતિમાં આવે, કે જેને તમે પીડાનો અનુભવ કહો છો, એ જ સાચી ક્ષણ છે કે જ્યારે સગવડો શોધવાને બદલે, સંતાપના કારણ વિશે ચિંતન થઈ શકે.

*Ojai,*
*18 June 1934;*
*The Collected Works, Vol. II.*


જો તમે સંઘર્ષ વિશે અનભિજ્ઞ/અજાણ છો, એટલે કે, એ લડાઈ કે જે તમારી જાત અને પર્યાવરણની વચ્ચે ચાલી રહી છે, જો તમે એ લડાઈ વિશે અજાણ છો, તો તમે તેના ઉપાયોને શા માટે શોધી રહ્યા છો? અનભિજ્ઞ જ રહો. જે વિવાદ તમારા હૃદય અને મનમાં નથી એને તમે પાછળ પડી કૃત્રિમ રીતે ઊભો કરો, એ કરતાં, પરિસ્થિતિને જાતે જ એ વિવાદ એ સંઘર્ષ ઊભો કરવા દો. તમે એ વિવાદને કૃત્રિમ રીતે ઊભો કરો છો કારણકે તમને એ ડર લાગે છે કે તમે કાંઈક ખોઈ રહ્યા છો. જીવન તમને કદી ખોશે નહીં., તમે કદી જીવનના હાથે રહી નહીં જાઓ.

*Varanasi,*
*16 December 1952;*
*The Collected Works, Vol. VII.*

જ્યારે તમે ઘરની બારી અને બારણાં બંધ કરી, ઘરની અંદર જ રહો છો તો તમને સુરક્ષિતતા, સલામતીની લાગણી થાય છે, હેરાનગતિથી બચેલું લાગે છે. પણ, જીવન તેવું નથી. જીંદગી હમેંશા દરવાજો ઠકઠકાવે છે, હર સમયે બારીઓને ખોલી નાખવાનો પ્રયત્ન કરે છે, કે જેથી તમે કદાચ વધારે જોઈ શકો, પણ જો તમે ભયભીત થઈ, બધી બારીઓ બંધ કરશો, તો ઠકઠકાવવાનું વધારે ને વધારે તીવ્ર બનતું જશે. એટલે જેટલું વધારે બાહ્ય સલામતીઓને તમે વળગશો, તેટલું વધારે જીવન આવીને તમને ધક્કો મારશે.

*Madras,*
*29 December 1979;*
*The Seed of a Million Years.*

તો, શેનાથી તમારામાં પરિવર્તન આવશે? સંકટથી? મોટા આઘાતથી? અતી દુ:ખ-પીડાથી? આંસુઓથી? આ બધું તો ઘટી ગયું છે - સંકટો પાછળ સંકટો. તમે અંત રહિત આંસુઓ સારયાં છે, અને તે છતાં એ કશાથી તમે બદલાયાં નથી, કારણ કે તમે એ બદલાવ માટે કોઈ બીજા પર અવલંબન રાખી રહ્યા છો... કોઈ પણ એમ નથી કહેતું કે 'હું શોધી કાઢીશ.'



# ખરેખરનું સંકટ

*Bombay,*
*14 December 1969.*

તમે તમારા જીવન સાથે શું કર્યું છે? ... તમારી પાસે આ જીવન છે, જીવન નામની આ અસાધારણ અનુપમ ચીજ છે, જેમાં દુ:ખ છે, સુખ છે, ભય છે, અપરાધ ભાવ છે, યાતનાઓ છે, એકલતા છે, અને જીવનની નિરાશા છે ને સુંદરતા પણ છે. આ તમારી પાસે છે જ અને તમે શું કર્યું છે એની સાથે? પોતાને આ પ્રશ્ન કરતાં, દુ:ખથી સૂવા ન જતાં રહો, કારણકે, તમે કાંઈ નથી કર્યું, તમે સાવ કાંઈ જ નથી કર્યું. એક જીવન તમને મળ્યું હતું, જગતની સૌથી મૂલ્યવાન ભેટ તમને મળી હતી, અને તમે શું કર્યું? પ્રેમ વગર, કરુણા વગર, અનુરાગ વગર એમાં હિંસા, તોડફોડ અને ધિક્કાર વડે એને વિકૃત કરી નાખ્યું, એને યાતનામય કરી દીધું, એનાં ટૂકડાંઓ કરી નાંખ્યાં, એને વિભાજીત કરી નાખ્યું. એટલે, જ્યારે તમે એ પ્રશ્ન પૂછો કે તમે તમારા જીવન સાથે શું કર્યું છે, નિશ્ચિતપણે તમારી આંખમાં આંસું આવશે. પણ તમારી આંખમાં આંસું હશે કારણકે તમે ભૂતકાળ વિશે વિચારો છો, એ વિચારો છો કે તમે શું કરી શક્યા હોત: સ્વ-દયાનાં આંસું.

*Ojai,
17 June 1945;
The Collected
Works, Vol. IV.*

હર્ષ અને ખુશી એ કાંઈ પોતાનામાં 'સાધ્ય' નથી, હિમ્મત અને આશાની જેમ જ, આનંદના પ્રસંગો પણ એવી વસ્તુની શોધમાં હોય છે કે જે પોતાનામાં જ સફળ હોય. આ જ એ સાધ્ય છે કે જેની શોધ કરાવી જોઈએ ખંતપૂર્વક અને શાંતિથી, અને ફક્ત એ મળ્યા પછી જ વિહ્વળતા અને પીડાનો અંત આવશે. સ્વમાંથી પસાર થઈને જ એની શોધ કરી શકાય; બીજી દરેક યાત્રાઓ એ એક વિક્ષેપ છે અને અજ્ઞાન અને આભાસ તરફ દોરી જતી હોય છે. પોતાની અંદરની યાત્રા કોઈ પરિણામ માટે, સંઘર્ષ અને સંતાપનો ઉકેલ કાઢવા માટે આદરવી ન જોઈએ; કારણકે આ શોધ જ એક ઉપાસના છે, પ્રેરણા છે.

*Think on These Things, Ch:26.*

આપણે એક માનવજાતિ છીએ; અને આ પૃથ્વી એ આપણી બધાની સહિયારી છે, અને પ્રેમપૂર્વક કાળજી સાથે તે આપણાં બધાં માટે ખોરાક, કપડાં અને આશ્રય ઉપજાવશે. માટે શિક્ષણનું કાર્ય ફક્ત કેટલીક પરીક્ષાઓમાં તમે ઉત્તીર્ણ થાઓ એ નથી, પણ, જીવનની આ આખી સમસ્યાને સમજાવવામાં મદદ કરવાનું છે. ... ઈશ્વર એ શું છે એ શોધવું એ પણ આપણી સમસ્યા છે, કારણ કે, એજ તો આપણાં જીવનનો મૂળ પાયો છે. સરખા પાયા વગર મકાન કદી લાંબું ન ટકી શકે, અને જો આપણે ઈશ્વર કે સત્ય એ શું છે તેની ખોજ નથી કરતાં તો માણસજાતના બધી હોંશિયારી, ચાલાકી અર્થહીન થઈ જશે.

*Think on These Things, Ch:17.*

તમે જોઈ શકશો કે આ બધું કાર્ય વિનાશ અને સંતાપ તરફ, અંધાધૂંધી અને નિરાશા તરફ દોરી જાય છે. ફ્રીજ અને જેટ વિમાનની સાથે બહુવિધ એશોઆરામની સગવડોની અડખેપડખે જ અત્યંત ગરીબાઈ, માંદગી અને ભૂખમરો મળી આવે છે. આ બધું માણસનું જ કામ છે, અને, જ્યારે તમે આ જુઓ છો, ત્યારે તમારી જાતને નથી પૂછી ઊઠતાં કે 'શું આ જ છે?, એવું બીજું કાંઈ નથી કે જે માનવનું સાચું કાર્ય છે?' જો આપણે માનવીના સાચા કાર્યને શોધી શકીશું તો જેટ વિમાન, કપડાં ધોવાનાં મશીનો, પુલ, છાત્રાલય આ બધાંને એક સાવ જ અલગ અર્થ મળશે. પણ માનવીનાં ખરા કાર્યને શોધ્યા વગર, ફક્ત સુધારામાં, વિકાસમાં, માણસે જે અગાઉ કર્યું છે તેને નવો આકાર આપવામાં કાર્યરત થવું એ તો ક્યાંય નહીં દોરી જાય.

તો, માનવીનું ખરું કાર્ય શું છે? ચોક્કસપણે, માનવીનું ખરું કાર્ય છે સત્યની શોધ, ઈશ્વરની શોધ, એ છે, પ્રેમ કરવો અને પોતાની સ્વાર્થી પ્રવૃત્તિઓમાં જકડાઈ ન રહેવું. સત્ય શું છે એની શોધમાં જ પ્રેમ રહેલો છે, અને માનવીના સંબંધોમાં રહેલો પ્રેમ જ એક નવી સંસ્કૃતિનું, એક નવા જગતનુ નિર્માણ કરશે.

*Think on These Things, Ch:11.*

30. સત્ય શું છે, ઈશ્વર એ શું છે તેની શોધની ઝંખના એ જ એક સાચી ઝંખના છે, બીજી બધી ઝંખનાઓ ગૌણ છે. જ્યારે તમે એક કાંકરો સ્થિર પાણીમાં નાખો તો એ વિસ્તરતા વલયો બનાવશે. આ વિસ્તરિત વલયો એ ગૌણ ચળવળો છે, સામાજિક પ્રતિક્રિયાઓ છે, પણ અસલ ચળવળ તો કેન્દ્રમાં છે, જે ચળવળ છે આનંદ, ઈશ્વર, સત્યની શોધની; અને તમે ત્યાં સુધી એને નહીં શોધી શકશો જ્યાં સુધી તમે ભયમાં ફસાયેલા હશો, કોઈ દહેશતમાં જકડાયેલા હશો. જે પળથી ડર અને ભયનો ઉદ્ભવ થાય છે, સંસ્કૃતિનું પતન થાય છે.

તેથી જ, તમે નાનાં હો ત્યારથી જ સંસ્કારોમાં બંધાઈ ન જાઓ, તમારાં માતા-પિતા, સમાજનાં ડરમાં જકડાઈ ન જાઓ એ ખુબ મહત્ત્વનું છે, કે જેથી સત્યને શોધવાની આ અનંત ચળવળ તમારામાં જીવંત રહી શકે. સત્ય એ શું છે, ઈશ્વર એ શું છે એની શોધ કરી રહેલ વ્યક્તિઓ જ નવી સભ્યતા, નવી સંસ્કૃતિનું નિર્માણ કરી શકે.

*Think on These Things, Ch:27.*

સાચા ધર્મપરાયણ વ્યક્તિને સુધારણાની સાથે લેવાદેવા નથી, એને સામાજિક વ્યવસ્થામાં બદલાવ સાથે લેવાદેવા નથી, એના બદલે, એ તો જે સાચું છે તેને શોધી રહ્યો છે, અને એ ખોજની જ અસર સમાજ પર થાય છે અને સમાજમાં પરિવર્તન આવે છે. એટલે જ વિદ્યાર્થીને સત્ય અને ઈશ્વરની શોધ કરવામાં મદદ મળે તે જ શિક્ષણની મુખ્ય નિસબત હોવી જોઈએ, નહીં કે ફક્ત સમાજના ઢાંચામાં સમાઈ શકે તેની માટે તેને તૈયાર કરવો.

*Saanen,*
*3 August 1975.*

નિતાંત વિશુદ્ધ પવિત્રની શોધ કરવી જોઈએ. અને જ્યારે કરુણા હોય, એટલે કે પીડાનું મર્મ તમે સમજ્યા હો – તમારી પોતાની પીડાઓ નહીં, પણ વિશ્વ સમગ્રની પીડાઓ, ત્યારે જ આ શોધ થઈ શકે. વિશ્વની પીડા એ વાસ્તવિકતા છે; એ કાંઈ વિચારોની ઉર્મિલતા, રોમાંચકતા નથી. પીડા જેમ આપણામાં છે તેમ, વિશ્વમાં પણ પીડા ખરેખર છે. અને એ પીડા સાથે રહેવું, એ પીડાથી ભાગી ન નીકળતાં એનાં અંત સુધી જવું. જ્યારે તમે ભાગી નથી નીકળતાં, ત્યારે વિપુલ શક્તિ તમારી પાસે હોય છે એને મળવા. તો જ તમે તેની પાર જઈ શકો... કરુણા ત્યારે જ આવી શકે જ્યારે તમે પીડાનો પૂરો અર્થ સમજ્યા હો, અને પછી પોતાને પીડિત ન અનુભવો. ફક્ત કરુણામય મન જ ધ્યાનઆત્મ ચિંતન કરી શકે અને તે નિતાંત પવિત્રને ખોળી શકે.

*Think on These Things, Ch:17.*


ઈશ્વરની શોધ, સત્યની શોધ, સદંતર ભલું હોવું, સારાપણું કે માનવતા કેળવવી એ નહીં, પણ મનની ઉપજાવેલી વાતો અને યુક્તિઓથી પર એવી કોઈ વસ્તુ ખોળવી, એટલે કે એ જે કાંઈક છે તેને માટે લાગણી હોવી, તેનામાં જ જીવવું, એ જ હોવું – એ જ સાચો ધર્મ છે. પણ જો તમે તમારી માટે જે ખાબોચિયો ખોદયો છે તેમાંથી બહાર નીકળીને નદીરૂપી જિંદગીમાં જાઓ તો જ એ કરી શકો. તો, જ્યારે સંભાળ રાખવાની પળોજણ તમારા ભાગે નથી, ત્યારે આશ્ચર્યકારક રીતે, જીવન તમારી સંભાળ રાખે છે. જીવન તમને જાતે જ ક્યાંક લઈ જશે, કારણકે તમે તો એનો જ ભાગ છો; તો પછી સલામતીનો, લોકો શું કહેશે કે નહીં કહે તેનો  કોઈ સવાલ નહીં આવે, અને એ જ જીવનની સુંદરતા છે.

*The World Within,*
*Ch.76.*

તમારે સ્વ-પ્રકાશિત બનવું જ પડે.... હાથની બનાવેલી વસ્તુઓ કે મનથી બનાવેલી વસ્તુઓમાં કોઈ જ આશા નથી. આપણે ભાગી નથી રહ્યા, ફક્ત એ તરફ સંકેત કરી રહ્યા છીએ કે ભેખડની ધાર પરથી કરેલી પ્રવૃત્તિ તો ફક્ત નીચે જ પાડશે, સલામતી અને આનંદ તો ભેખડની ધારથી દૂર જ છે. જે થોડાક લોકો આ સમજી શકે છે તેમણે આવી ખીણથી દૂર સમજ-બોધના કેન્દ્રો બનાવવા જોઈએ. આજનાં સંકટમાંથી અને માનવજીવનની બધી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો આ એક રસ્તો છે, એક એવો રસ્તો કે જે પલાયનવાદ નથી, જે શાશ્વત સુખ તરફ લઈ જાય છે.

*The World Within, Ch:19.*

વાસ્તવિકતા ફક્ત એક જ છે, સર્વોત્તમ છે, અદ્વિતીય છે. માનવતા એક જ છે, એક જ સદાચાર છે, અને, એને સમજવાનો માર્ગ એ બીજા કોઈ રસ્તે, બીજા કોઈ વ્યક્તિ દ્વારા નહીં પણ તમારી પોતાની મારફતે જ જાય છે. તમારી મુક્તિની શોધ કરો અને પછી તમે જગતને ગૂંચવાડા, સંઘર્ષ, તેની પીડાઓ અને દુશ્મનાવટમાંથી મુક્ત કરી શકશો.



# ખરેખરનું સંકટ

*Rishi Valley,*
*16 December 1984.*

તમે એક સવાલ ઊભો કર્યો: પવિત્ર શું છે? એ શોધ્યા વગર, એને પામ્યા વગર તમે એને શોધી કાઢો એમ નહીં, એના અસ્તિત્વમાં આવ્યા વગર, નવીન સંસ્કૃતિ ન લાવી શકાય, નવો માનવીય ગુણ ન લાવી શકાય.

*Madras,*
*22 October 1947;*
*The Collected Works, Vol. IV.*

તમારે સ્વ-પ્રકાશિત બનવું જ પડે.... હાથની બનાવેલી વસ્તુઓ કે મનથી બનાવેલી વસ્તુઓમાં કોઈ જ આશા નથી. આપણે ભાગી નથી રહ્યા, ફક્ત એ તરફ સંકેત કરી રહ્યા છીએ કે ભેખડની ધાર પરથી કરેલી પ્રવૃત્તિ તો ફક્ત નીચે જ પાડશે, સલામતી અને આનંદ તો ભેખડની ધારથી દૂર જ છે. જે થોડાક લોકો આ સમજી શકે છે તેમણે આવી ખીણથી દૂર સમજ-બોધના કેન્દ્રો બનાવવા જોઈએ. આજનાં સંકટમાંથી અને માનવજીવનની બધી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો આ એક રસ્તો છે, એક એવો રસ્તો કે જે પલાયનવાદ નથી, જે શાશ્વત સુખ તરફ લઈ જાય છે.




FOUNDATION INDIA PUBLICATIONS

Krishnamurti Foundation India
Vasanta Vihar, 124, Greenways Road, Chennai - 600028
Tel: 91-44-24937803 / 24937596 | info@kfionline.org | www.kfionline.org